ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની “વિદેશ અભ્યાસ લોન યોજના”માં કુંટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૦.૦૦ લાખ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : **SJED/PUR/e-file/17/2023/1073/A-1**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૯/૦૮/૨૦૨૬.          .

<u>વંચાણે લીધેલ</u> :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧.

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: **DDCW/MISC/e-file/225/2025/0364/CHH-Branch - Corporation.**

<u>પ્રસ્થાવના</u> :

વંચાણે લીધેલા ક્રમાંક-(૧) અને (૨) સામેના આ વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ અને તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓ તેમજ વિદેશ અભ્યાસ લોન યોજનાની જોગવાઈઓ અને આવક મર્યાદા મંજૂર કરવામાં આવેલ છે. સદર યોજનાઓ અંતર્ગત વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માંગતા બિન અનામત વર્ગના વધુમાં વધુ વિદ્યાર્થીઓ લોન સહાયનો લાભ મેળવી શકે તે હેતુસર, વિદેશ અભ્યાસ લોન યોજના માટેની હાલની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૬.૦૦ લાખથી વધારીને રૂા. ૧૦.૦૦ લાખ કરવા માટે વંચાણે લીધેલા ક્રમાંક-(3) સામેના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૧૫/૧૦/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

કાળજીપુર્વકની વિચારણાને અંતે, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની "વિદેશ અભ્યાસ લોન યોજના"માં આવક મર્યાદા સંદર્ભે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના સુધારાને આથી, મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે:

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની હાલની વાર્ષિક આવક મર્યાદા | સુધારેલ વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|

Signature Not Verified
Signed by : AMIN HITESHKUMAR S
Deputy Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.19 14:30:49 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૧ | વિદેશ અભ્યાસ લોન યોજના | રૂ.૬.૦૦ લાખ | રૂ.૧૦.૦૦ લાખ |

૨. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની "વિદેશ અભ્યાસ લોન યોજના" અંગેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમયાંતરે બહાર પાડવામાં આવેલ પ્રવર્તમાન ઠરાવોની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

3. આ ઠરાવનો અમલ તારીખ ૧૮/૦૮/૨૦૨૬થી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.03/૦૮/૨૦૨૬ની અને સરકારશ્રીની તા.03/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિતેશકુમાર એસ.)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
બ્લોક નં-૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડિરેકટરશ્રી,
ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,
કર્મયોગી ભવન, ગાંધીનગર.

નકલ સવિનય રવાના :

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : AMIN HITESHKUMAR S
Deputy Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.19 14:30:49 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી મારફત).
- સેકશન અધિકારીશ્રી (અ/બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.)
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.